

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



***'પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની***
***મૂર્તિ સામે જોઈ રહેવું તે અંતર્દૃષ્ટિ છે..'*** (વચનામૃત ગઢડા પ્રથમ-૪૯)

આ શ્રીજીમહારાજના વિધાન પર ચિંતન ચાલ્યું.
પ્રત્યક્ષ વિચરતું શ્રીજી-સ્વામીનું સ્વરૂપ સાહેબજી
તેના સામે જોઈ રહેવું તે અંતર્દૃષ્ટિ
તે આજ્ઞા આપે તે સારધાર પાળવી
મન બુદ્ધિ કપટ ન કરી જાય
પોતાનું ગમતું - ન ગમતું છેતરી ન જાય
મનમુખી વર્તાઈ ન જાય તે અંતર્દૃષ્ટિ
સાહેબજીને જે ગમે છે જે બોધે છે
જે સત્યો સમાજમાં-ભક્તોમાં પ્રસારવા ઈચ્છે છે
જે જ્ઞાન પોતાના સંબંધી ને અનાદિના શ્રીજી-યોગીસંબંધી
તે સૌને આતમે દૃઢ કરાવી સુખિયા કરવા ઈચ્છે છે
તે પ્રવર્તન કાર્યમાં જાગ્રતતા રાખી
મન બુદ્ધિ ચિત્ત પરોવી હોમાઈ જવું તે સાધના
તેમાં આળસ પ્રસાદ ગાફલાઈ ન રહે
તે પ્રમાણે સમગ્રને વર્તાવવા આગ્રહ રહે તે અંતર્દૃષ્ટિ
સંબંધવાળાં સર્વ સાહેબજીને મન પ્રભુસ્વરૂપો
તેની સેવા કરીએ તો શ્રીજી-સ્વામી ને યોગી રાજી
તે સત્યનો સાક્ષાત્કાર તે તેઓનું જીવન છે
તેઓના આશરે આવેલ સૌ સંતો મુક્તો
પ્રતિપળ આ સત્યના સાક્ષાત્કારે જીવન જીવતા થાય
ને તેઓના આગ્રહને જીવતા રહીએ તે અંતર્દૃષ્ટિનું જીવન
સાહેબજી પ્રગટ પ્રત્યક્ષ પ્રભુનું સ્વરૂપ છે
તે પરમ સત્યનો સાક્ષાત્કાર કરી લઈ
તેઓના સ્વરૂપમાં એકાકાર થઈ જવું છે
તે ધખણા સાથેનું જીવન તે અંતર્દૃષ્ટિ છે.
ચાલો ! આપણે સૌ... શ્રીજીએ બોધેલા આ સત્યને
જીવી લઈએ... પરમ પ્રાપ્તિ કરી લઈએ... સુખિયા થઈએ. ◆

(બ્રહ્મજ્યોતિ-ભારત, ૭-૧૨-૨૦૧૭, કાકાજી સ્મૃતિદિન)

***'પ્રત્યક્ષ મારો તું આતમ***
***સમજાવ તારું મહાતમ...'***

ભજનના આ ૯ શબ્દો પર ચિંતવન ચાલ્યું
પ્રત્યક્ષ પ્રભુ મળ્યા... મનાયા... સ્વીકાર્યા
તેને સમર્પણ કરવા સંકલ્પ કર્યા
તે આપણો આતમ
તે છે તો જીવન ધબકે છે
પ્રતિપળ તે આપણા સમગ્રનો પ્રેરક
તેની કૃપાએ જ તો ઈન્દ્રિયો-અંતઃકરણ પ્રવૃત્ત
તે છે તો સમગ્ર જગત છે... આંતર જગત... વૈભવ
તો હવે કસર ક્યાં ?
તેનું યથાર્થ માહાત્મ્ય સમજવાની કસર
તે સ્વામી-શ્રીજીનું સ્વરૂપ... યોગીરૂપ
તે પ્રગટ પ્રત્યક્ષ સાંગોપાંગ શ્રીહરિ
બસો વર્ષ પૂર્વે જે મળ્યા
તે આજે આ સ્વરૂપે... 'સાહેબજી'રૂપે મળ્યા
તે યથાર્થ માહાત્મ્ય સમજાય
તો દોષ માત્ર ટળે... નિર્દોષ થઈ જ જવાય
તે માહાત્મ્યની કસર ટાળવી છે
આતમ જે માન્યો... તે પરમાતમ સ્વરૂપ
સાહેબજી પરમાતમ સ્વરૂપ... પ્રગટ પ્રત્યક્ષ
તેનો બુદ્ધિમાં... મન-ચિત્તમાં... સમગ્રે સ્વીકાર
તો આપણે શૂન્ય નિરાકાર... સ્વરૂપે તદાકાર
તે 'સહજાનંદ'ની પરમ સ્થિતિ
આપણી આ સાધના છે... સતત વહેતી છે
હે દયાળુ !
અમે જે તારા... તેં સ્વીકાર્યા તે સૌને
પ્રત્યક્ષ આતમરૂપ 'સાહેબજી'ના માહાત્મ્યે પૂર્ણ ભરો
તે સ્વરૂપે અમને ઓગાળો... તદાકાર કરો ! ◆



(બ્રહ્મજ્યોતિ-ભારત, ૨૫-૧૧-૨૦૧૭)